# ૩૫૦ શિક્ષકોની બદલીની વિગતો પર શિક્ષણ ખાતાનો ઢાંકપિછોડો

વડોદરા, મંગળવાર

રાજ્યમાં છેલ્લાં ત્રણથી ચાર વર્ષમાં આશરે ૩૫૦ થી વધુ પ્રાથમિક શિક્ષકોની બદલીઓમાં ગેરરીતી આચરવામાં આવી હોવાની શંકા સેવાય છે. રાજ્યના શિક્ષણ વિભાગે માહિતીના અધિકાર હેઠળ પણ આ બદલીના કારણો આપવાનો ઈન્કાર કરી દેતાં આ બદલીઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર હવે આ મદે તપાસ યોજવાની માંગ સાથે સીએમ ઓનલાઈન કાર્યક્રમમાં પણ અરજી કરવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લાં ચાર વર્ષમાં ખાસ કેસ હેઠળ ૩૫૦ થી વધુ શિક્ષકોની બદલી કરવામાં આવી છે. હકીકતમાં શિક્ષક પોતે અથવા તેના આશ્રિત કોઈ ગંભીર બિનારી ધરાવતા હોય તો જ ખાસ કિસ્સામાં બદલી થાય છે. આ બદલીની અરજી સાથે સંબંધિત બિમારીને લગતાં પ્રમાણપત્રો પણ જોડવામાં હોય છે.

પણ માહિતીના અધિકાર હેઠળ માગણી છતાં પ્રાથમિક શિક્ષણ વિભાગ આ બદલીઓના સમર્થનનું કોઈ દસ્તાવેજ રજૂ કરી શક્યો નથી.

પાંચ વર્ષ સુધી વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવનારાને કન્ફર્મ કરતાં પહેલાં મેડીકલ ફીટનેસનું પ્રમાણપત્ર માગવામાં આવે છે. ખાસ કિસ્સો ગણી બદલી કરવામાં આવી છે. તેમાં અનેક વિદ્યા સહાયકોનો પણ સમાવેશ થાય છે. જો આ વિદ્યા સહાયકોની ગંભીર બિમારીના કારણોસર બદલી થઈ હોય તો તેમને નિમણુંક કેવી રીતે અપાઈ તે એક સવાલ છે.

વડોદરાના અરજદાર વિપુલ પટેલે માહિતીના અધિકાર હેઠળ આ બદલીઓની માહિતી માગી ત્યારે શિક્ષણ વિભાગે માત્ર બદલીની યાદી આપી હતી પણ ખાસ કેસને લગતા કોઈ દસ્તાવેજ આપ્યા ન હતા.

અરજીમાં જણાવાયા મુજબ શિક્ષણ વિભાગના એક અધિકારીએ સ્વીકાર્યું હતું. કે આ બદલીઓ કોઈ દસ્તાવેજના આધારે થઈ નથી અને પ્રધાનના નિર્દેશો મુજબ થઈ છે.

દસ્તાવેજોની વિગતો આપવાનો શિક્ષણ ખાતાંનો ઈન્કાર શંકા જન્માવે છે. કોઈ ધારાધોરણ વિના થયેલી બદલીઓ માટે અધિકારીઓતથા પ્રધાન જવાબદાર બને છે.

આ મુદ્દે સીએમ ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરવામાં આવી છે. અને પગલાં ભરવા જણાવાયું છે.

## બદલીમાં ગેરરીતિઓ થયાની શંકા : શિક્ષણ ખાતુ માહિતીના હક્ક હેઠળ પણ વિગતો આપતું નથી